Utthan
ઉત્થાન

# લોકસંચલન

લોકસંગઠન દ્વારા ગ્રામવિકાસનાં કાર્યોને વાચા આપતું ત્રિમાસિક મુખપત્ર

વર્ષ : ૭ અંક-૧ જાન્યુઆરી - માર્ચ, ૨૦૦૭ ફક્ત અંગત વિતરણ માટે

## સંપાદકીય

વિશ્વ જ્યારે જુદી જુદી રીતે બદલાઇ રહ્યું છે ત્યારે ખૂબ જરૂરી છે કે એ બદલાવોની પ્રક્રિયા અથવા કેવા બદલાવો અને તેની સારી કે નરસી અસર કોના ઉપર પડી રહી છે તે દરેકે દરેક વ્યક્તિએ સમજવું ખૂબ જરૂરી છે ખાસ કરીને છેવાડાના લોકો જેમકે મહિલાઓ, વંચિત સમુદાયના લોકોએ તો ખાસ આ બાબતે જાણકારી મેળવવી ખૂબ જરૂરી છે આ સાથે આ સમુદાયના પોતાના વિચારો, અનુભવો પણ આ બદલાતી પ્રક્રિયામાં  જાય એ ખૂબ જરૂરી છે જો એવું ન થાય તો પ્રગતિના નામે ફક્ત અમુક જ વર્ગના સમુદાયને ખૂબજ ફાયદો થશે. જ્યારે કચડાયેલ વર્ગની પરિસ્થિતિ ખૂબ વધુ વણસે એવી પૂરેપૂરી શક્યતાઓ છે.

જેમ માહિતી મેળવવાનો અધિકાર છે એમ આપણાં પ્રશ્નો, અનુભવો, સંવેદનાઓને પ્રસ્તુત કરવાનો અધિકાર પણ આપણને છે. સાચા અર્થમાં લોકશાહીની પ્રક્રિયા આને જ કહી શકાય. જ્યાં કોઇપણ અન્યાયી સમાજમાં અશાંતિ ફેલાવનારી અને શોષણ પ્રક્રિયાઓ સામે પડકાર ફેંકાય. હૃદયથી યુવાન સ્ત્રી-પુરૂષો ને આ એક મોટુ આહ્‌વાન છે.

## વાતાવરણમાં થઇ રહેલા ફેરફારો

'લોકસંચલન' એક તરફ બદલાતા આર્થિક, સામાજિક, પર્યાવરણીય, રાજકીય પ્રવાહો વિશે નો ચિતાર આપવાનો પ્રયત્ન છે આ પરિબળો બીજી બાજુ વંચિત સમુદાયના આ પરિબળો, પડકારો, તેમના અનુભવો, સંવેદનશીલતાને પ્રસ્તુત કરવા માટેની આ એક તક ઉભી કરવાના અનેક પ્રયત્નોમાંનો એક પ્રયત્નછે. જેમકે SEZ ખાનગીકરણ, ઉદ્યોગીકરણ, જ્ઞાતિ, જાતિ અને ધર્મની આસપાસ થઇ રહેલા વિભાજનો અને તિરસ્કાર અને ઘર્ષણ, વગેરે.

આશા રાખુ છું કે દરેક આવૃતિ મહ્ત્ત્વની, સચોટ માહિતીનું આદાન પ્રદાન કરશે અને છેવાડની આપણી મહિલાઓ, યુવાનો અને અનેક પ્રક્રિયામાંથી બાકાત રહી ગયેલા સમુદાય સુધી પહોંચશે. અને તેમના અવાજને કેન્દ્રમાં લાવવાનો પ્રયત્ન કરશે.



ઉત્થાનની પહેલ,

લોક શિક્ષણ કેન્દ્ર
PEOPLE'S LEARNING CENTRE
પાણી અને સ્વચ્છતા
Water and Sanitation

ઉત્થાન લગભગ અઢી દાયકાથી પાણી આરોગ્ય અને સફાઇ વ્યવસ્થાના પ્રશ્નો વિષે જેન્ડર સમાનતા, પીવાના પાણી વિષયક અધિકારો, લઘુ અને વિશાળ પરિપ્રેક્ષ્યોમાં પર્યાવરણીય, આર્થિક અને સંસ્થાનીય આધારક્ષમતાના વિષયે કામ કરી રહ્યું છે. આ કાર્યના અનુભવોના આધાર લઇને હવે સંસ્થા પોતે શીખેલી બાબતોને વિશાળ સ્તરે પહોચાડવાના ઉદ્દેશ સાથે એક લોક શિક્ષણ કેન્દ્ર સ્થાપવાનું વિચારી રહી હતી અને વિચારને અમલમાં ૨૦૦૫થી મુકેલ છે. વર્ષ ૨૦૧૫ સુધીમાં વિશ્વમાં સ્વચ્છ  પાણી અને સફાઇ વ્યવસ્થાનો લાભ ન મેળવી શકતા લોકોની સંખ્યા ઘટાડીને અડધી કરવી. એવા આ યુગના વિકાસના ધ્યેયના ઉદ્દેશને વિશ્વસ્તરે સ્વીકૃતિ મળી છે. અને પાણીના સ્ત્રોતો અને સફાઇ વ્યવસ્થાનું સંચાલન લોકકેન્દ્રીત હોવું જોઇએ તેવા અભિગમ પણ સ્વીકૃત બન્યો છે ત્યારે લોકોને પણ વધુ એ વિષે સમજ મળે, વધુ જ્ઞાન, જાણકારી મળે, સામાજિક અને ટેકનિકલ જ્ઞાનનું સંકલન થાય તેમ જ તે દ્વારા સમુદાયોની અને નિર્ણય લેનાર વર્ગોની ક્ષમતાઓ અને કૌશલ્યો વધે તે જરૂરી બન્યું છે. એમ થશે તો જ આ યુગના વિકાસ ધ્યેય હાંસલ કરવા માટે સાચા અર્થમાં યોગ્ય ઉદાહરણ મળી રહેશે.

આ લોક શિક્ષણ કેન્દ્રમાં શીખવા માટેનો અભિગમ બહુપાર્શ્વિક (મલ્ટીલેટરલ) રહેશે. વિવિધ હિતસંબંધી વર્ગોને માટે પોતાના અનુભવો અને શિક્ષણને પરસ્પર વહેંચવાનો આ એક મંચ બની રહેશે. આ ધ્યેયને સિધ્ધ કરવા ક્ષમતાસર્જન તાલીમો યોજવામાં આવશે. આ તાલીમો દરમ્યાન શીખવા મળેલી બાબતોના દ્રઢીકરણ અને વિતરણ માટે પુસ્તકાલય ઊભું કરવામાં આવશે અને નિયમિત રીતે સમાચારપત્રો પણ તૈયાર કરવા, વિતરિત કરવામાં આવશે. નીતિવિષયક હિમાયતો પર અસર પાડવા સઘન સંશોધનકાર્ય અને દસ્તાવેજીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

વિઝન : સમુદાયોને તેમને પીવા માટે સ્વચ્છ પાણી પૂરતા પ્રમાણમાં, સમાનતા પુર્ણ અને આધારક્ષમ રીતે મળી રહે, આરોગ્યવર્ધન માટે યોગ્ય રીતની સફાઇ વ્યવસ્થા મળી રહે અને જેન્ડર ન્યાયપૂર્ણ, સહભાગિતા આધારિત, સમુદાયની માલિકીની વ્યવસ્થાઓ મળે તે અંગેનો તેમનો મૂળભૂત અધિકારો ઓળખતા શીખવવું.

ઉદ્દેશો  : આ કેન્દ્ર ઊભું કરવાનો વિશાળ ધ્યેય એ છે કે વિવિધ હિતસંબંધી વર્ગોમાં જેન્ડર સંવેદનશીલ, આધારક્ષમ અને સમન્યાયપૂર્ણ એવી મુલ્ય આધારીત વ્યવસ્થાઓ સર્જવા માટે આવશ્યક પ્રક્રિયાઓ શરૂ કરવાનું વલણ ઘડવાનો પ્રયત્ન કરવો.

**પુન:પ્રકાશન**
"લોકસંચલન" ત્રૈમાસિકનું ઉત્થાન લોક શિક્ષણ કેન્દ્ર પાણી અને સ્વચ્છતા દ્વારા પુન:પ્રકાશન થઇ રહ્યું છે. અગાઉ પ્રકાશન કાર્યમાં આર્થિક કારણોસર અવરોધ ઉભો થયો હતો જે નાણાકિય સગવડતા મુજબ પુન:પ્રકાશિત થઇ શક્યું છે. સ્વૈચ્છિક યોગદાન આવકાર્ય છે.

પીવો અને પીવડાવો સ્વચ્છ પાણી, નહી તો કરાવો ડોક્ટરને કમાણી

## <u>માઇક્રો ફાઇનાન્સની વધતી સ્વીકાર્યતા</u>

**ગરીબી નાબૂદીમાં મહમ્મદ યુનુસના માઇક્રો ફાઇનાન્સે ભારે સફળતા પ્રાપ્ત કરી છે. નફા માટે નહીં પણ સામાજિક હેતુવાળા ઉદ્યોગ-ધંધાનાં સાહસો માટે યુનુસ પહેલ કરી રહ્યા છે.**



●સનત મહેતા

બાંગ્લાદેશના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક મહમ્મદ યુનુસ હાલ તો રાજકિય ક્ષેત્રમાં ઝંપલાવી રહ્યા હોવાના કારણે ચર્ચામાં છે. પરંતુ તેમને શાંતિ માટેનું નોબેલ એનાયત થયું ત્યારથી 'માઇક્રો ફાઇનાન્સ' લઘુધિરાણની વિશ્વભરમાં ભારે ચર્ચા-વિચારણા શરૂ થઇ છે.

માઇક્રો ક્રેડિટ આંદોલનને નોબેલ પારિતોષિકના પ્રદાનના કારણે ભારે મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ છે. ખુદ સંયુક્ત રાષ્ટ્રે ૨૦૦૫ના વરસને 'માઇક્રો ફાઇનાન્સ વર્ષ' તરીકે જાહેર કર્યુ હતું. જી.આઠ રાષ્ટ્રોએ એને ટેકો જાહેર કર્યો છે. જ્યારે વિશ્વ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે(આઇ.એમ.એફ.) સર્વને આવરી લેનારી નાણાં વ્યવસ્થાની વાત કરી છે. સિટી બેન્કે માઇક્રો સાહસિકો માટે પારિતોષિકની જાહેરાત કરી છે. યુરોપના સંખ્યાબંધ રાજવીઓ આ આંદોલનને સાથ આપી રહ્યા છે. આ પ્રવૃતિ મોટા પ્રમાણમાં વિકસી હોવા છતાં આનાથી ગરીબી નિવારણ થઇ જશે એવી માન્યતા અંગે આજેય મતભેદ પ્રવર્તે છે.

પણ મહમ્મદ યુનુસે, બાંગ્લાદેશમાં આવા ધિરાણનો વ્યાપ હાંસલ કરવા ઉપરાંત બીજા અનેક ક્ષેત્રે નવા પ્રયોગો સફળતાપૂર્વક કરી બતાવ્યા છે. નોબેલ પારિતોષિક મેળવ્યા પછી ફેબ્રુઆરીની પહેલી તારીખે એ મુંબઇ આવ્યા ત્યારે રૂબરૂ મળવાનું થતા, આ કાર્યમાં સફળતા મેળવવાનો અનોખો વિશ્વાસ એમના ચહેરા પર ચમકતો જોવા મળ્યો હતો.

મુંબઇમાં મળેલા માઇક્રો ફાઇનાન્સ અંગેના સંમેલનમાં એમણે બાંગ્લાદેશમાં ભિખારીઓને સફળતાપૂર્વક કરેલા ધિરાણની અને 'સામાજિક હેતુવાળા ઉધોગધંધાવાળાં સાહસો' ઊભાં કરવાની વાત કરી હતી. આવ ઉદ્યોગધંધાનો હેતુ નફો કે ડિવિડન્ડ નહીં પણ સમાજમાંથી ગરીબી નાબુદ કરવાનો ગણાવ્યો હતો. પ્રો.યુનુસે આને 'સોશિયલ બિઝનેસ એન્ટરપ્રાઇઝ'નું નામ આપ્યુ છે. મુંબઇની પ્રો.યુનુસની મુલાકાત વેળાએ જ, વિશ્વના વિખ્યાત સામાયિક 'ફોર્ચ્યુને' કવરપેજ પર યુનુસની તસ્વીર છાપી માઇક્રો ફાઇનાન્સના આ નવા વિચારની વિગતો આપી છે. આ લેખમાં ફ્રાન્સની 'દાનોન' કંપનીના સહકારમાં યુનુસ તરફથી 'યોગાર્ટ'નું કારખાનું સ્થાપવાની કાર્યની વિગતો આપી છે.આ સામાજિક હેતુ વાળા સાહસ મારફત યુનુસ બાળકોમાં અપોષણને ઘટાડવા માત્ર સાત સેન્ટની કિંમતમાં દહીંનો પેક કપ આપવા માગે છે. સાહસ સફળ થશે તો, ગ્રામીણ બેન્ક અને દાનોન કંપની મળીને આવા પચાસ એકમો ઉભા કરશે. જેના મારફત ગ્રામીણ બેન્કના છાસઠ લાખ સભાસદોનાં બાળકોને પોષણયુક્ત દુધ, દહીં મળશે. આ સંયુક્ત સાહસનો સઘળો નફો સામાજિક વિકાસ માટે વપરાશે. સામાજિક હેતુ વાળા આવા ઉદ્યોગધંધાના નવા વિચાર ઉપરાંત યુનુસ ભારતની રિઝર્વ બેન્કના ગવર્નરને મળ્યા ત્યારે ધિરાણને એક મૂળભૂત અધિકાર તરીકે સ્વીકારવાના વિચાર પર પણ ચર્ચા-વિચારણા થઇ હતી. ટુંકમાં માઇક્રો ફાઇનાન્સને નોબેલ પ્રાઇઝ પછી અને મળેલા નવા આવકાર પછી મુંબઇમાં યુનુસની નવપલ્લવિત છબી જોવા મળી હતી. (ક્રમશઃ)

સૌજન્ય : દિવ્યભાસ્કર

દૈનિક

**આવે છે મને યાદ...**

આવે છે મને દિવસો એ બહુ યાદ
જ્યારે ન હતી માનવથી માનવને ફરિયાદ

ગરવી ધરા ગણાતી ન હતો અહી કોઇ વિવાદ
સૌ ભેળા થઇ પડકાર ઝિલતા પડતો જો કોઇ સાદ

અધકચરી વાતથી આવે છે તમને કંઇ યાદ
હું કહુ છું માનવતાનો અંત લોકો કહે તેને કોમવાદ

શાંતિ, અમન, ભાઇચારો એવો બધે સંભળાય છે નાદ
તો વળી કોણ કરી રહ્યું છે ધુમાડો 'ને' અવાઝ

થાય છે અંહી વધુ ધર્મને નામે ધતિંગ ને સ્વાર્થની જ વાત
કારણ ભણેલા ઓછા ને નિરક્ષરની ઝાઝી જમાત

જોવું છે જો આપણે સુંદર નયનરમ્ય પ્રભાત
બદલવો પડશે સર્વ કોઇને પ્રદુષણયુક્ત વિચાર

-મુસ્તાક ડેરૈયા
ઉત્થાન-લોક શિક્ષણ કેન્દ્ર(દરિયાઇ) ભાવનગર.



પાણી ચકાસણીઃ

પીવાના પાણીની ચકાસણી સાદી અને સરળ છે

તો ચાલો તપાસીએ પાણીને પીવા લાયક છે કે

નહી?

આપણું પાણી આપણે તપાસીએ
તે સહુની જવાબદારી છે

## ગામના પ્રશ્ન માટે સતત ઝઝુમતા રેશમબહેન...

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામની આ વાત છે પાવ ગામ ધાનપુર તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં આવેલું અને ૧૦૦ ટકા આદિવાસી લોકોની વસ્તીમાં વસેલું આ ગામ છે જેમાં ડુંગરા ફળીયામાં રહેતા એક રેશમબેનની આ વાત છે.

રેશમબેન સરદારભાઇ સંગોડ પોતે પોતાના ફળીયાના આગેવાન બહેન છે. પોતાના ગામની અંદર ગ્રામ વિકાસ પ્રક્રિયા કરતી ઉત્થાન સંસ્થા સાથે જોડાઇ અને છેલ્લા ૭ વર્ષથી સ્વસહાય જૂથ ચલાવે છે અને જૂથની અંદર તેઓ લીડરની ભૂમિકા ભજવી રહ્યા છે. સંસ્થા દ્વારા રાખેલ મીટીંગ, તાલીમ, પ્રેરણાપ્રવાસ શિબિર વગેરેમાં માહિતી અને માર્ગદર્શન મેળવી પોતાના ફળીયા તેમજ ગામ તેમજ બહેનોની મુશ્કેલીઓનો સામનો કરવાની શીખ ઊભી થઇ. પોતે આંગણવાડી કાર્યકર છે. છતાં પણ પોતાની હિંમતથી પહેલ કરાવવાની આવડત થી પોતે આખા ગામ માટે કંઇક કરવાનું વિચાર્યું.

પોતાના ગામના સંગઠન દ્વારા બહેનોનું સંગઠન બનાવ્યું અને જે બહેનોની મૂશ્કેલી છે જે પીવાના પાણી અંગેની કામગીરીની રજુઆત કરવાનું વિચારી પોતે પોતાના ગામમાં પોતે આગેવાની લઇ બહેનોની પાણી સમિતિ બનાવી પોતે પ્રમુખ તરીકે છે અને હાલમાં ધાનપુર તાલુકાના પીવાના પાણીના પ્રશ્નોની રજુઆત કરવા એક મંચ બનાવેલ છે જેના તાલુકામંચના પ્રમુખ છે.

જ્યારે પોતાના ગામની ગ્રામ સભામાં ગામમાં પીવાના પાણીની પડતી મૂશ્કેલીઓની વાત ગ્રામસભામાં મૂકી અને આ અંગે પોતે આગેવાની લીધી જ્યારે આ પ્રમણે આખા ગામમાં બહેનોના સંગઠન દ્વારા રજુઆતો કરતાં થયા ત્યારે ગામનો પુરૂષ વર્ગ દ્વારા દબાણો આવ્યા આવા દબાણોનો સામનો કરી પોતાના ગામના પ્રશ્નો માટે સતત ઝઝૂમતા રહ્યા અને પીવાના પાણીની જે મૂશ્કેલીઓ હતી તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરતા રહ્યા.

રેશમબેને પોતાના ગામ માટે જ્યાં જરૂરિયાત વાળી જગ્યાએ રીસોર્સ ઉભા કરાવ્યા અને જે પીવાના પાણી માટેની મૂશ્કેલી દૂર કરી જ્યારે પણ આ રીસોર્સ ઊભા કર્યા ત્યારે જે કામની દેખરેખ રાખવાનું પણ પોતે ઉપાડી લીધુ સતત મોનીટરીંગ કરતા રહ્યા જે માટેનું મટીરીયલની જાળવણી/ હિસાબ / મજૂરોની દેખરેખ નિયમિત લોકફાળાની રકમ ભેગી કરવા માટે પણ જવાબદારી લીધી.

પોતે બહેન હોવા છતા પણ પાવ ગામના દરેક ફળીયામાં જવાનુ તથા ગામના ભાઇઓ બહેનો સાથે મળી મીટીંગો કરી આખા ગામના લોકોને જાગૃત કર્યા. લોકો પોતાની રીતે પોતાના પ્રશ્નોની રજુઆત કરતા રહે તે માટે રેશમબેન લોકોમાં પણ જાગૃતિ લાવ્યા ગામનો જે પીવાના પાણીનો પ્રશ્ન હતો તે માટે ગામમાં પાણીની સુવિધા ઊભી કરી પાવ ગામના લોકોની તેમજ ગામની સમસ્યા દૂર કરી.

બાબુભાઇ પ્રજાપતિ
ઉત્થાન લીમખેડા

અભિનંદન :
વોટરશેડ કમિટી અને વનિતા શક્તિ મહિલા સંગઠનના સભ્યો તેમજ આંબલી ગામના લોકોને ઉત્થાન સંસ્થા, લોક શિક્ષણ કેન્દ્ર પાણી અને સ્વચ્છતા અને લોક શિક્ષણ કેન્દ્ર દરિયાઇ તરફથી અભિનંદન.

## ----વર્તમાન સમસ્યાનો મળ્યો ઉકેલ-----

આઝાદીના સાઇઠ વર્ષ પુરા થવામાં છે ત્યારે અમારા ગામની એક સમસ્યા નુ સર્જન અને તેનો ઉકેલ કેવો છે તે આ એક અનુભવ પરથી લખી રહયો છું.

ગામનો ભૂતકાળ ગામના વડીલો પાસેથી જાણીએ ત્યારે મારૂ ગામ કેવું હતું તેની પ્રતીતિ થાય છે. જેમા તેમના કહેવા મુજબ પાણીનો પ્રશ્ન આ ગામમાં હતો નહી કારણ આપતા કહે છે કે વરસાદ વધુ પડતા તો વરસાદ તો હજુ પણ વધારે પડે છે પણ પ્રશ્નતો પાણી નો ઉભો જ છે. તેવું કહેતા તેમની પાસે જવાબ નથી.

પરંતુ આ માટે હું મારી ઉંમર પ્રમાણે વાત કરૂ તો અમારા ગામની વસ્તીને પાણી પુરૂં પાડતા મુખ્ય સ્ત્રોત હતા ઓછી ઊંડાઇના કૂવા કે જેમાંથી ગામને પીવાનું પાણી મળતું અને પુરતું મળતું ખેતી વાડી માટે સાવ ઓછી ઊંડાઇના કૂવા કે જેમાંથી ગામને પીવાનું પાણી મળતું અને પૂરતું મળતું ખેતી વાડી માટે શેત્રુંજી કેનાલ પણ આવતી અને ખેતરમાં પૂરતૂં પણ ઉપરના તળમાં જ પાણી હતું.

સમય પ્રમાણે વિજ્ઞાનની શોધ રૂપ સાધનો મળ્યા અને શરૂ થઇ આ સમસ્યા પાણી માટેની જે સાધનો ના કારણે ઉડાઇમાં થી પાણી ખેંચવા લાગ્યા તથા મીઠાના અગરીયાઓએ શરૂ કર્યુ દરિયાના પાણી ગામની નજીક લાવી અને મીઠાનું ઉત્પાદન અને પરિણામે ગામના તળમાં પાણી જતા દિવસે ખારા થવા લાગ્યા પાણી ગુણવતા તળિયે ગઇ અને પાણીના કારણે થતા રોગો વધવા લાગ્યા ફ્લોરાઇડની ઉચી માત્રા વાળા પાણીને લીધે હાડકાના રોગો તથા દાંતના રોગો થવા લાગ્યા.

એક સમય એવો આવ્યો કે પાણી માટે ગામના માણસોને બે– ત્રણ કી. મીથી પાણી લેવા જવું પડયું સરકાર દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યુ પણ આ તો કામચલાઉ વ્યવસ્થા હતી જે ઘણી ખર્ચાળ તથા હાડમારી વાળી હતી.

સરકારની પાણીની વ્યવસ્થા માટેની યોજનાના ભાગ રૂપે પાણીની સમસ્યાના ઉકેલ માટે ૧૯૭૮, ૭૯ના વર્ષમાં ભારત સરકારની એક સંસ્થા સેન્ટ્રલ સોલ્ટે મારા ગામમાં ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાનો પ્લાન્ટ સ્થાપીત કર્યો જે પૂર્ણ સૂર્ય શક્તિથી ચાલતો હતો પણ તે પણ એક પ્રયોગથી વધારે કાંઇ આપી શક્યા નહીં અને પાણી માટે તો જે પરિસ્થિતિ હતી તેની તે રહી દુષ્કાળના વર્ષો જતા ચોમાસામાં પણ ટેન્કર આધારીત બન્યુ અમારૂ ગામ આ પાણી માટે.

પરંતુ ૧૯૯૮ની સાલમાં અમારી સમસ્યાની જાણકારી લેવા માટે આવ્યા એક બિન સરકારી સંસ્થા જે ઉત્થાનના નામ સાથે કાર્યરત છે. તેણે અમારી સમસ્યાઓનો અભ્યાસ કર્યો અને તેનો ઉકેલ કઇ રીતે આવી શકે તે ગ્રામજનો પાસેથી જાણકારી મેળવી.

સતત ત્રણ વર્ષ સુધી ગામની સમસ્યાઓ વિષે મીટીંગ, પ્રેરણા પ્રવાસ, મુલાકાતો, ચર્ચાઓ વિગેરે કાર્યક્રમો બાદ અમોને મળી એક પાણીના પ્રશ્નના ઉકેલની રૂપરેખા.

જેના લીધે અમોને પણ એવું લાગ્યું કે હવે અમોને પાણીની મુશ્કેલીમાંથી છુટકારો મળશે. આમાં અમારા ગામ લોકોનો પણ સારો એવો સાથ સહકાર કામ કરવાની હિંમત અમારામાં આવીને તેના લીધે અમારા ગામમાં પીવાના પાણીની સમસ્યા હંમેશાને માટે દૂર કરી.

જેના લીધે બહેનોનો જે સમય પાણી પાછળ જતો તે બચ્યો અને તે સમયનો ઉપયોગ બહેનોએ અગરબત્તી બનાવી રોજગારી મેળવવા કર્યો. ઉપરાંત સમય બચવાથી જે બહેનો મજુરી કરવા જતા તેમાં તેમજ દિકરીઓના શિક્ષણ પર સારી અસર પડી. અને પાણી ની તંગી દુર થતાં બાળકોમાં પણ સ્વચ્છતાનું પ્રમાણ વધ્યું.

આમ અમારા ગામમાં હાલ પીવાના પાણીની મુશ્કેલી દૂર થઇ અને લોકોને ચોખ્ખું, નિયમિત અને સમાનતાના ધોરણે પાણી મળી રહે છે.

ગોહિલ સહદેવસિંહ એમ.
અવાણીયા

- તા.૨૪-૩-૦૬ થી ૨૯-૩-૦૬ કરાચી ખાતે વર્લ્ડ સોશિયલ ફોરમનું આયોજન થયેલ જેમાં ઉત્થાન ટીમના પાંચ સભ્યોએ ભાગ લીધો જેના સમાપનમાં ઉત્થાન ટીમ તરફથી જયાબહેન રાઠોડે પ્રતિભાવો રજુ કર્યા તે દૈનિક પત્ર કરાચી માં છપાયા જે નીચે મુજબ હતા,

"Social Worker Jaya from India said she enjoyed the stay in Karachi and Thanked the people of Pakistan for their Hospitality and Warmth towards Indians"

She said she was disappointed that a lot of people, who had been planning to come to Karachi, Could not make it because of visa problems. "However, I am glad that I am here, and my perception about Pakistan had changed." She said that she was nervous before leaving for Karachi because of the negative image of Pakistan in India. " Now I can go back India with a batter Image of Pakistan."Ms Rathod said.

- તા.૨૦-૨૧/૯/૦૬ ના રોજ બીજી સાઉથ એશીયન કોન્ફરન્સ ઓન સેનીટેશન ઈસ્લામાબાદ પાકિસ્તાનમાં ઉત્થાન ટીમના છ ટીમ સભ્યોએ આ કોન્ફરન્સમાં ભાગ લીધો. જેમાં હવે પછીની કોન્ફરન્સનું આયોજન પણ જાણ્યું જેમાં ૨૦૦૮માં ભારત, ૨૦૧૦માં શ્રીલંકા અને ૨૦૧૨માં નેપાળમાં આ કોન્ફરન્સનું આયોજન કરશે.
- એકતા મહિલા સંગઠન દ્વારા મે-૨૦૦૭માં સુખસર ગામે અમન ઉર્જાઘરની શરૂઆત કરશે.
- સુખસર ગામે ઉત્થાનના સહયોગથી એકતા મહિલા સંગઠન દ્વારા નવી ઓફિસ ભાડા પેટે રાખી અને શરૂઆત કરી જેમાં મકાન માલીકને ડિપોઝીટ પેટે રૂ.૫૦,૦૦૦/- આપવાનાં હતા તે એકતા મહિલા સંગઠને પોતાની બચતમાંથી આપ્યા અને પાંચ વર્ષ સુધી ઓફિસ ખાલી ન કરાવવાના કરાર કર્યા.
- ઉત્થાન દ્વારા લોક શિક્ષણ કેન્દ્ર દરિયાઇની નવી પહેલ કરી છે જેની સંકલન ઓફિસ મહુવા(જિ.ભાવનગર) છે.
- ઉત્થાન લોક શિક્ષણ કેન્દ્ર - પાણી અને સ્વચ્છતા દ્વારા પાણી અને સ્વચ્છતામાં "જેન્ડર મેઇન સ્ટ્રીમીંગ" પર એક આંતર રાષ્ટ્રીય તાલીમનું આયોજન ભાવનગર ખાતે તા.૧૦-૪-૦૭ થી ૧૬-૪-૦૭ સુધી યોજેલ.
- ઉત્થાન સંસ્થા લીમખેડા દ્વારા ધાનપુર તાલુકાના ગામોમાં જુદા-જુદા કાર્યક્રમો લોકો દ્વારા થઇ રહ્યા છે.જેમાં આંબલી ગામની વોટરશેડ કમિટીએ વોટરશેડ કાર્યક્રમનું ખૂબજ સારી રીતે ભાગીદારીથી અમલીકરણ કરેલ જેમાં બીજા ક્રમે આવી ડી.એસ.સી સંસ્થા તરફથી ગ્રામ પારિતોષિક એવોર્ડ શ્રી અન્ના હજારે સાહેબ ના હસ્તે કમિટીના પ્રમુખ નસરુ દિતા(ભગત) અને સંગઠનના બહેનોએ સ્વીકારેલ જેમાં રૂ.૧૦૦૦૦ રોકડ, શિલ્ડ અને પ્રમાણપત્ર મળેલ છે.
- તા.૨૧-૩-૦૭ના રોજ ઉત્થાન નવી પી.ઇ.સીની પ્રથમ મિટીંગ લોક શિક્ષણ કેન્દ્ર- પાણી અને સ્વચ્છતા ભાવનગર ઓફિસે મળેલ.



**ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કુડા ગામનાં લાડુબહેન પણ છેલ્લાં ૨૦ વર્ષથી હક્કની લડાઇ લડી રહ્યા છે.**

**એમને સંતાનમાં દીકરો નહીં. પતિનું અવસાન થયું એટલે કુટુંબીઓએ વારસાઇમાં લાડુબહેન અને તેની દીકરીઓનું નામ બાકાત રખાવ્યું, એમના જેઠે પોતાનો દીકરો લાડુબહેનને દત્તક આપવાની યુક્તિ કરી....કેટકેટલું કર્યુ ?**

**લાડુબહેને કેસ કર્યો, તેમના કુટુંબીજનોએ અધિકારીઓને ફોડીને કેસની કાર્યવાહી ધીમી કરાવી નાખી... બધું જ થયું, પણ લાડુબહેન હજુ મક્કમ છે. તેમણે જમીનનો કબજા હક્ક ચાલુ રાખ્યો છે. વાવેતર પોતે કરે છે... લડાઇ ચાલુ છે...અસલામતી છે, પણ હાર્યા નથી... તેમને વિશ્વાસ છે, તેઓ એક દિવસ જરૂર હક્ક મેળવશે...સંસ્થાઓ અને બહેનોનાં મંડળી તેમને ખુબ સાથ આપે છે.**

નીચે આપેલા કોઠા માંથી પાણી જન્ય રોગો શોધો
કુલ - ૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક | પ | ચ | ક્લો | રો | સી | સ | ચ |
| છ | જ | થ | જા | યા | ટ | ઠ | ખ |
| બી | કો | ડ | રી | ઢ | મિ | ણ | ત |
| બે | મે | લે | થ | ઘ | મ | ર | ડો |
| બ્લુ | મે | ગુ | રા | ફા | ળો | મ | ક |
| ગુ | મ | યો | લિ | પો | બ | ર | લ |
| ડા | વ | ટા | ઇ | ફો | ઈ | ડ | શ |
| ઝા | કા | રી | ઉ | ણી | યા | હિ | મ |

રીટા ચપલા- પી.એલ.સી.વોટસેન
જવાબ આવતા અંકે

સંપાદક ટુકડી :
પ્રવિણ ભીકડીયા, સંગીતા પટેલ, રીટા ચપલા,દીપ્તિ અંધારીયા

સંકલન ટીમ :
મુસ્તાક ડેરૈયા, ભાવના નિમાવત, અલ્પેશ રાજ્યગુરૂ

પ્રકાશક : ઉત્થાન
લોક શિક્ષણ કેન્દ્ર - પાણી અને સ્વચ્છતા
સી-૧૧૫૭, મનુરાજા ચમારડી વાળા,
એસ.બી.એસ. સામે,
કાળીયાબીડ,ભાવનગર - ૩૬૪૦૦૨.
ફોન / ફેક્સ : ૦૨૭૮-૨૫૭૩૦૬૧
e-mail : plc_watsan@rediffmail.com
visit us on : www.plcwatsanutthan.org